# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1... સમગ્ર વિશ્વમાં ગુજરાતી સમુદાય દ્વારા નવા વર્ષની ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી

2...પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગ્રીસના પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારીને વધુ સુદ્રઢ બનાવવાનો પુનરોચ્ચાર કર્યો

3. વિદેશ મંત્રી એસ.જયશંકર અને થાઇલેન્ડના વિદેશ મંત્રી વચ્ચે યોજાયેલી બેઠકમાં દ્વિપક્ષિય સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા

4.. ભારત અને અમેરિકાના સંરક્ષણ દળોની પંદરમી સંયુક્ત કવાયત વજ્ર પ્રહર આજથી શરૂ

5... ન્યુઝિલેંડ સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં ભારતના ટોચના ખેલાડીઓ ફરી નિષ્ફળ... લંચ બાદ ભારતની 9 વિકેટ પડી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# *GUJARATI NEW YEAR*

સમગ્ર વિશ્વમાં ગુજરાતી સમુદાય દ્વારા આજે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં નવું વર્ષ વિક્રમ સંવતના કારતક મહિનાના પ્રથમ દિવસે ઉજવવામાં આવે છે. ગુજરાતી નવું વર્ષ બેસતું વર્ષ તરીકે પણ ઓળખાય છે અને સમગ્ર રાજ્યમાં તેની પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસર પર મંદિરોમાં વિશેષ પૂજા કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતી નવા વર્ષ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે આ નવું વર્ષ લોકોના જીવનમાં ખુશીઓ, સફળતા અને સમૃદ્ધિ લાવે. તેમણે આશા વ્યક્ત કરી કે દરેકના સપના  સાકાર થાય અને દરેક દિવસ નવી ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલો હોય. ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના થલતેજ ખાતેના તેમના નિવાસ સ્થાનેથી લોકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભે આજે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નાગરિકો-પ્રજાજનોને નવા વર્ષને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પણ નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે આજે વહેલી સવારથી રાજ્યના મુખ્ય મંદિરોમાં  લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. વેપારીઓ અને ધંધાકીય ગૃહો તેમના વ્યવસાયના સ્થળોએ પૂજા અર્ચના કરીને આજથી પાંચ દિવસ તેમની દુકાનો બંધ કરશે.

# *PM-INDIA GREECE TALKS*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગ્રીસના પ્રધાનમંત્રી કિરિયાકોસ મિત્સોતાકિસે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. ટેલિફોનિક વાતચીત દરમિયાન, બંને નેતાઓએ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર અને પશ્ચિમ એશિયામાં વિકાસ સહિત વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું.

બંને નેતાઓએ તાજેતરના ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન દ્વારા દ્વિપક્ષીય સંબંધોમાં આવેલી ગતિની પણ પ્રશંસા કરી હતી. તેઓએ વેપાર, સંરક્ષણ, શિપિંગ અને કનેક્ટિવિટી સહિત દ્વિપક્ષીય સહયોગના અનેક ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી.

## *THAILAND-FM*

ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલા થાઈલેન્ડના વિદેશ મંત્રી મેરિસ સંગિયામ્પોંગસાએ આજે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ એસ જયશંકર સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે, થાઈલેન્ડના વિદેશ મંત્રીની રોયલ કથિના સમારોહની મુલાકાત બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોનું ઉદાહરણ છે. તેમણે ભારત-થાઈલેન્ડ સંબંધો, બહુપક્ષીય સહયોગ અને પ્રાદેશિક વિકાસ અંગે ચર્ચા કરી.

શ્રી સંગીમપોંગસા ગુરુવારે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સભ્યો સાથે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને " એશિયન ધમ્માનું સદી તરફ પ્રયાણ"ના વિષય પર વિશેષ સંબોધન કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરમાં ભગવાન બુદ્ધના ઉપદેશોને પ્રસરાવવામાં થાઈલેન્ડ અને ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

## JAISHANKAR-AUSTRALIA SINGAPORE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની છ દિવસની મુલાકાતે જશે. તેઓ ઓસ્ટ્રેલિયામાં ભારતના 4થા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે અને કેનબેરામાં તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ પેની વોંગ સાથે વિદેશ મંત્રીઓના15મા ફ્રેમવર્ક સંવાદની સહ અધ્યક્ષતા કરશે. તેઓ ઓસ્ટ્રેલિયન સંસદ ભવનમાં આયોજિત થનારા બીજા રાયસિના ડાઉન અન્ડરના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય વક્તવ્ય આપશે. શ્રી જયશંકર ઓસ્ટ્રેલિયન નેતૃત્વ, સંસદસભ્યો, ભારતીય સમુદાય, વેપારી સમુદાય અને મીડિયા સાથે પણ વાર્તાલાપ કરશે. મુલાકાતના બીજા તબક્કામાં, ડૉ. જયશંકર 8મીએ સિંગાપોરની સત્તાવાર મુલાકાતે જશે. જે દરમિયાન તેઓ ASEAN – ભારત થિંક ટેન્ક્સની 8મી ગોળમેજી પરિષદમાં સંબોધન કરશે. તેઓ બંને દેશો વચ્ચેની ગાઢ ભાગીદારીની સમીક્ષા કરીને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે.

## JHARKHAND – CANDIDATES

ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે કુલ એક હજાર 211 ઉમેદવારો મેદાનમાં છે. ગઇકાલે બીજા તબક્કા માટેના ઉમેદવારીપત્રો પરત ખેચવાના અંતિમ દિવસ બાદ કુલ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. ઉલ્લેખનીય છે કે 81 સભ્યોની વિધાનસભા માટે બે તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. પ્રથમ તબક્કાનું મતદાન 13 નવેમ્બરે 43 બેઠકો પર થશે. આ તબક્કા માટે છસો 83 ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે ગઈકાલે ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ બીજા તબક્કા માટે પાંચસો 28 ઉમેદવારો

મેદાનમાં છે. બીજા તબક્કામાં 20 નવેમ્બરે 38 મતવિસ્તારોમાં મતદાન થશે. મતગણતરી 23 નવેમ્બરે થશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *SPECIAL FORCES EXERCISE VAJRA PRAHAR*

ભારત અને અમેરિકાના ખાસ સંરક્ષણ દળોની 15મી સંયુક્ત કવાયત વજ્ર પ્રહર અમેરિકાના ઇડાહોમાં ઓર્ચાર્ડ કોમ્બેટ ટ્રેનિંગ સેન્ટર ખાતે આજથી શરૂ થશે. જે 22મી નવેમ્બર સુધી ચાલશે. ભારતીય અને અમેરિકન આર્મી વચ્ચે આ વર્ષની આ બીજી કવાયત છે. અગાઉની કવાયત સપ્ટેમ્બરમાં રાજસ્થાનમાં હાથ ધરાઇ હતી.સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે સંયુક્ત કવાયતમાં બંને દેશોની ટુકડીઓમાં 45-45 જવાનો ભાગ લેશે. ભારતીય સેનાની ટુકડીનું પ્રતિનિધિત્વ વિશેષ દળોના એકમો દ્વારા કરવામાં આવશે અને અમેરિકન આર્મી ટુકડીનું પ્રતિનિધિત્વ અમેરિકાના ગ્રીન બેરેટ્સ દ્વારા કરવામાં આવશે.આ કવાયત્નો હેતુ આંતર કાર્યક્ષમતા, સંયુક્તતા અને વિશેષ ઓપરેશન યુક્તિઓના પરસ્પર વિનિમય દ્વારા ભારત અને અમેરિકા વચ્ચે લશ્કરી સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ કવાયત ઉચ્ચ સ્તરની શારીરિક તંદુરસ્તી, સંયુક્ત આયોજન અને સંયુક્ત વ્યૂહાત્મક કવાયત પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## *J&K-ENCOUNTER*

જમ્મુ-કાશ્મીરમાં આજે સવારે શ્રીનગરના ખાનયાર વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને આતંકવાદીઓને શોધવા માટે શોધ અભિયાન હાથ ધર્યું હતું. જે દરમિયાન સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. છેલ્લા સમાચાર મળ્યા ત્યાં સુધી આ વિસ્તારમાં ઓપરેશન ચાલુ હતું.

## *PAKISTAN BLAST*

પાકિસ્તાનના મસ્તુંગ જિલ્લામાં ગઈકાલે થયેલા બોમ્બ વિસ્ફોટમાં પાંચ બાળકો સહિત ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા હતા અને 29 લોકો ઇજાગ્રસ્ત થયા હતા. પાકિસ્તાનના કલાત ડિવિઝનના કમિશનરે જણાવ્યું કે આ ઘટના મસ્તુંગ સિવિલ હોસ્પિટલ નજીક ગર્લ્સ હાઈસ્કૂલ ચોકમાં બની હતી. મૃતકોમાં પાંચ છોકરીઓ, એક છોકરો, એક પોલીસ અધિકારી અને અન્ય બે નાગરિકોનો સમાવેશ થાય છે. મૃતક બાળકોની ઉંમર પાંચથી દસ વર્ષની વચ્ચે હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. જરૂરી કાર્યવાહી બાદ મૃતકોના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. દરમિયાન, બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ હુમલાની નિંદા કરી અને જાન-માલના નુકસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું.

## *HAMAS OFFICIAL KILLED*

ઈઝરાયેલી સેનાએ ખાન યુનિસમાં હમાસના વરિષ્ઠ અધિકારી ઈઝ અલ-દિન કસાબને હવાઈ હુમલામાં ઠાર કર્યો હોવાની ગઈકાલે જાહેરાત કરી હતી. કસાબને

ગાઝા પટ્ટીમાં અન્ય  જૂથો સાથે સંકલનમાં સામેલ હમાસના છેલ્લા બાકી રહેલા ઉચ્ચ કક્ષાના નેતાઓમાંના એક તરીકે ગણવામાં આવ્યો હતો.

હમાસે એક નિવેદનમાં કસાબના મૃત્યુની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે તેના વાહન પર ઈઝરાયેલના હુમલાને કારણે હમાસના અન્ય અધિકારી અયમાન આયેશ સાથે તે માર્યો ગયો હતો. હમાસના સૂત્રોએ એક મીડિયા એજન્સીને જણાવ્યું કે કસાબે ગાઝામાં નેતૃત્વની ભૂમિકા નિભાવી હતી, પરંતુ તે સંગઠનની રાજકીય નિર્ણય લેનાર ઓફિસનો ભાગ નહોતો.

## *CRICKET*

ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે મુંબઇમાં ચાલી રહેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચમાં ભારતના ટોચના ખેલાડીઓ ફરી નિષ્ફળ રહ્યાં હતાં..ન્યુઝિલેંડના 235 રનનો પીછો કરી રહેલી ભારતીય ટીમે ખાણાના સમય બાદ નવ વિકેટ ગુમાવી દીધી હતી...ન્યુઝિલેંડના બોલર એઝાઝ પટેલ સામે ભારતીય ટીમ ઘૂંટણીએ પડી ગઇ હતી.. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ભારતે 263 રનમાં ઓલ આઉટ થતાં ભારતને 28 રનની સરસાઇ મળી છે.

## *U19 WORLD BOXING*

ભારતની ક્રિશા વર્માએ ગઈકાલે અમેરિકાના કોલોરાડોમાં અંડર-19 વિશ્વ બોક્સિંગ  ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. જોકે અન્ય પાંચ ભારતીય મુક્કેબાજો પોતપોતાની  ફાઇનલમાં હારી ગયા હતા.

ક્રિશાએ જર્મનીની લેરિકા સિમોનને 5-0થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. જ્યારે ચંચલ ચૌધરી મહિલાઓની 48 કિલોગ્રામ વર્ગની ફાઇનલમાં ઇંગ્લેન્ડની રૂબી

વ્હાઇટ સામે હારી જતાં તેને રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. મહિલાઓની 57 કિલોગ્રામ વર્ગમાં અંજલિ સિંહ ફાઇનલમાં ઇંગ્લેન્ડની મિયા-તિઆહ આયટન સામે 0-5થી હારી ગઈ હતી. પુરુષોની 75 કિલોગ્રામ વર્ગમાં ભાગ લેનાર રાહુલ કુંડુને પણ રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. તે તેની કેટેગરીની ફાઇનલમાં અમેરિકાના જોસેફ અવિનોંગ્યા સામે 1-4થી હારી ગયો હતો. મહિલાઓની 60 કિલોગ્રામ વર્ગમાં, વિન્ની એલા લોન્સડેલ સામે 3-2થી હારી ગઈ હતી. મહિલાઓની 70 કિલોગ્રામ વર્ગમાં આકાંક્ષા ઇંગ્લેન્ડની લિલી ડેકોન સામે 4-1થી હારી ગઈ હતી. આ હારના પરિણામે આકાંક્ષાને પણ રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો.

આજે રાત્રે 51 કિલોગ્રામ વર્ગમાં નિશા, 54 કિલોગ્રામ વર્ગમાં સુપ્રિયા દેવી થોકચોમ અને 65 કિલોગ્રામ વર્ગમાં પાર્થવી ગ્રેવાલ સહિત પાંચ વધુ મહિલા મુક્કેબાજો ફાઇનલમાં રમશે. પુરુષોની શ્રેણીમાં 90 કિલોગ્રામ વર્ગમાં હેમંત સાંગવાન ફાઇનલમાં અમેરિકન મુક્કેબાજ  રિશોન સિમ્સ સામે ટકરાશે.